# આજે સવારે એક સાથે ૯ ગ્રહોનો નજારો દેખાશે

## સવારે ૫.૩૦ કલાકે બુધ, શુક્ર, મંગળ, ગુરુ અને શનિને નરી આંખે જોઈ શકાશે : વાદળો વિલન નહી બને તો કેટલાક ગ્રહો નરી આંખે પણ નિહાળી શકાશે

ગાંધીનગર, તા. ૨૩

શુક્રવારે વહેલી સવારે એટલે કે ૨૪ જૂને સવારે ૫.૩૦ કલાકે આકાશમાં એક સાથે નવ ગ્રહોનો અદ્‌ભૂત અવકાશી નજારો જોવા મળશે. ઈ.સ. ૨૦૦૪ પછી ૧૮ વર્ષ બાદ આકાશમાં આ અનોખો નજારો જોવા મળશે. કેટલાક ગૃહો જે દૂરના છે તે જોવા માટે ટેલિસ્કોપ, દૂરબીનથી જોઈ શકાશે. જ્યોતિષશાસ્ત્ર અને ખગોળ વિદ્યામાં અતિ મહત્વના શનિ, ગુરૂ, શુક્ર, મંગળ અને બુધ એ પાંચ ગ્રહો એક જ લાઈનમાં જોવા મળશે. આમ તો તારીખ ૨૪ જૂનની આજુબાજુના દિવસોમાં પણ આ દૃશ્ય નજરે પડતું હોય છે પરંતુ સૌથી શ્રેષ્ઠ સમય શુક્રવાર છે જ્યારે શુક્ર ગ્રહ પણ જોવા મળશે. આ નજારો નિહાળવાનો સમય સૂર્યોદયની એક કલાક પહેલાનો છે જેને ભારતીય શાસ્ત્રમાં પરમ પવિત્ર બ્રાહ્મમુહૂર્ત કહેવાય છે. આ ખગોળીય નજારો છે પણ સાથે ચોમાસાની ઋતુ શરૂ થઈ ગઈ



છે જો વાદળો વિલન નહીં બને તો શુક્રવારે આકાશમાં આ નજારો જોવા મળશે. જાથાના જયંત પંડ્યાએ જણાવ્યું હતું કે બુધ, શુક્ર, મંગળ, ગુરૂ અને શનિ ગ્રહ નરી આંખે જોઈ શકાશે. જ્યારે યુરેનસ, પ્લુટોને ટેલિસ્કોપથી નિહાળી શકાશે. આ બધા ગ્રહો આ સ્થિતિમાં માત્ર એક જ દિવસ શુક્રવારે જોવા મળશે. સૌરમંડળમાં અનેક ખગોળીય ઘટાનો બનતી હોય છે પણ એક સીધી લીટીમાં નવ ગ્રહો જોવા મળતા નથી. તમામ ગ્રહો એક જ ધરી પર આખું ચક્કર લગાવતા નથી તેઓ અવકાશની ત્રિ-સ્તરીય કક્ષામાં ફરે છે તેમજ ગ્રહો અને ઉપગ્રહોની ભ્રમણની ગતિ એકબીજાથી જુદી જુદી હોય છે જેથી એક લીટીમાં આવવાની ઘટના ભાગ્યે જ સર્જાતી હોય છે. જાણકારોના અનુસાર જો આ નજારો નિહાળવામાં ચુકાયું તો પાંચ ગ્રહોની આવી યુતિ નિહાળવા ઈ.સ. ૨૦૪૦ સુધી રાહ જોવી પડશે. આ ગ્રહો આમ તો એકબીજાથી ખાસ્સા દૂર હોય છે પરંતુ તે પૃથ્વી પરથી જોતા સીધી લીટીમાં આવે છે અને પૂર્વથી દક્ષિણ દિશા વચ્ચે કતારબદ્ધ આ ગ્રહોનું જિંદગીમાં જવલ્લે જ જોવા મળતું દૃશ્ય નિહાળી સકાશે. આ માટે વાદળો સિવાય કોઈ અવરોધ નડે તેમ નથી. ટેલીસ્કોપની મદદથી ચંદ્ર અનો શુક્ર વચ્ચે યુરેનસના દર્શન થઈ શકે છે. ગ્રહની સાથે સાથે પૃથ્વીનો ઉપગ્રહ ચંદ્રના પણ દર્શન થશે.

# ગાંધીનગરના શિવાંગી દેસાઈને ઈકોનોમિક ટાઈમ્સ દ્વારા વિવિધ એવોર્ડથી સન્માનિત કરાયા

## જાણવાલાયક દસ સૌથી અદ્‌ભૂત વ્યક્તિત્વમાં શિવાંગી દેસાઈ પણ ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના શિવાંગી દેસાઈને ઈકોનોમિક ટાઈમ્સ દ્વારા લાઈફસ્ટાઈલ અને વેઈટ મેનેજમેન્ટ સ્પેશિયાલિસ્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. શિવાંગી દેસાઈ ભારતના અગ્રણી આરોગ્ય અને પોષણ વિભાગના કોચ છે અને તે ઝુમ્બા તથા સ્ટ્રોંગ નેશન ઈન્સ્ટ્રક્ટર તરીકે ઓળખાય છે. યોગાચાર્ય અને એડવાન્સ સપ્લિમેન્ટ એડવાઈઝરની ભુમિકા માટે પણ તેમને સમર્થન આપવામાં આવ્યું છે. શિવાંગી દેસાઈ એક એવા ભારતીય છે જે USPA B લાયસન્સ ધરાવતા સ્કાય ડાઈવર્સ છે તેમણે ૬૫ થી વધુ સ્કાય ડાઈવિંગ જમ્પ કર્યા છે. તે ફિટ ઈન્ડિયા મિશનના સ્થાપક છે અને હજારો માણસોના ડાયાબિટીસ, સ્થૂળતા, હાયપર ટેન્શન, થાઈરોઈડ જેવા વિકારોને દૂર કરવામાં મદદ કરી છે. તેણી દૃઢપણે માને છે કે તમારૂ શરીર તમારૂ ડોક્ટર છે તે લોકોને શીખવે છે કે કેવી રીતે તેમના શરીરને સાંભળવું, કુદરતી રીતે જીવનશૈલીના વિકારોને કેવી રીતે ઉલટાવી શકાય અને દવાઓ પર પૂર્ણવિરામ મુકવો. તે ૨૦૨૫ સુધીમાં ૧૦ લાખ ભારતીયોને ફિટ અને બીમારીઓથી મુક્ત બનાવવાના મિશન પર છે.






સેક્ટર-૬ ની પ્રાથમિક શાળામાં એડિશન ડીજીપી આર.બી. બ્રહ્મભટ્ટની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. મ્યુનિસિપલ કમિશનર ધવલ પટેલ પણ આ અવસરે ઉપસ્થિત રહી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં જોડાયા હતા.

# રાંદેસણ, સરગાસણ અને તારાપુર પ્રાથમિક શાળાઓમાં પંકજકુમારની ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવની ઉજવણી

## મુખ્ય સચિવ પંકજકુમારે ત્રણેય શાળાઓના પ્રાંગણમાં બાળકોની સાથે વૃક્ષારોપણ કર્યું : દાતાઓના બહુમાન કર્યા : શાળાના તેજસ્વી બાળકોને ઇનામો આપ્યા : શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો સાથે વિસ્તૃત ચર્ચા કરી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના રાંદેસણ, સરગાસણ અને તારાપુર ગામની સરકારી પ્રાથમિક શાળાઓમાં મુખ્ય સચિવ પંકજકુમારે બાળકોને આવકારીને શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો શુભારંભ કરાવ્યો હતો. સમગ્ર રાજ્યમાં ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવનો શુભારંભ થયો છે. મુખ્ય સચિવ પંકજકુમારે પ્રવેશોત્સવના શુભારંભે કહ્યું હતું કે પ્રવેશોત્સવની જેમ બાળકો માટે શાળાનો પ્રત્યેક દિવસ ઉત્સવ બની રહે એ પ્રકારે શિક્ષકો ઉત્સાહપૂર્વક શિક્ષણ આપે. શિક્ષકોએ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં ઉત્સાહ અને ઉમંગ જળવાઈ રહે એવા પ્રયત્નો કરવા જોઈએ. તેમણે કહ્યું હતું કે શાળામાં પ્રત્યેક દિવસ ઉત્સવ બનશે તો બાળકનું જીવન ઉત્સાહ અને ઉમંગથી હર્યું-ભર્યું રહેશે, અને તો જ બાળક પણ આ સમાજને અને રાષ્ટ્રને ઉત્સાહ અને ઉમંગથી ભરી દેશે. શિક્ષકો બાળકો માટે પ્રેરણાદાયી હોય છે, શિક્ષકોની નિયમિતતા, નિષ્ઠા અને વ્યવહાર બાળકોને પ્રભાવિત કરે છે. એટલે 'પ્રેરણાદાયી શિક્ષક' બનવા તેમણે





ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. રાંદેસણ સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ-૧માં ૭ વિદ્યાર્થીઓ અને આંગણવાડીમાં ૮ ભૂલકાઓએ શાળામાં પહેલી પગલી પાડી હતી. મુખ્ય સચિવ પંકજકુમારે ભૂલકાંઓને દફતર અને પુસ્તકો આપીને આવકાર્યા હતા. ગ્રામજનોની બનેલી શાળા વ્યવસ્થાપન સમિતિ (સ્કૂલ મેનેજમેન્ટ કમિટી)ની ભૂમિકા પર મુખ્ય સચિવ પંકજકુમારે વિશેષ ભાર મૂકતાં કહ્યું હતું કે શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોએ શાળાના શિક્ષણની ગુણવત્તા સુધરે એ માટે સકારાત્મક યોગદાન આપવું જોઈએ. તેમણે બાળકોને પ્રશ્નો કર્યા હતા કે 'તમારે મોટા થઈને શું બનવું છે?' ઘણા બાળકોએ ઉત્સાહભેર જવાબ આપ્યા હતા કે તેમને ડોક્ટર બનવું છે, કોઈએ પોલીસ બનવું છે એમ કહ્યું, તો કોઈએ સોફ્ટવેર એન્જિનિયર. કેટલાક બાળકોએ શિક્ષક બનવું છે એમ પણ કહ્યું. પંકજકુમારે બાળકોના સપનાઓ અને બાળકોની કલ્પનાને સાકાર કરવામાં મદદ કરવા ગ્રામજનોને પણ અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે ગ્રામજનો પણ પોતાના ગામની પ્રાથમિક શાળામાં રસ લે. શાળાની અને બાળકોની જરૂરિયાતો પૂર્ણ કરવામાં પોતાનું યોગદાન આપે એ જરૂરી છે. રાંદેસણ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની શીતલ ગોહિલે 'બેટી બચાવો બેટી પઢાઓ' વિશે વક્તવ્ય આપ્યું હતું અને અર્પિત ગોહિલે 'પાણી બચાવો' વિશે વક્તવ્ય આપ્યું હતું. મુખ્ય સચિવ પંકજકુમારે આ બંને ભૂલકાઓને અભિનંદન આપતાં કહ્યું હતું કે મહિલાઓને સમાન હક્ક આપવા માટે આપણે સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન આણવું પડશે. વર્ષ ૧૯૬૧થી જેનું અસ્તિત્વ છે તે રાંદેસણ પ્રાથમિક શાળામાં ભણેલા અને સમાજમાં શ્રેષ્ઠ યોગદાન આપી રહેલા બે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પણ પંકજકુમારે સન્માન કર્યું હતું. ૭૫ વર્ષના વડીલ ગાંડાજી પ્રતાપજી ગોહિલ અને અત્યારે સાબરકાંઠા જિલ્લામાં કલેકટરના ચિટનીસ તરીકે ફરજ બજાવી રહેલા રાંદેસણ પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી કનકસિંહ ગોહિલનું મુખ્ય સચિવે સન્માન કર્યું હતું. સાબરમતી નદીને કિનારે આવેલુ રાંદેસણ પ્રાથમિક શાળાનું પરિસર નિહાળીને મુખ્યસચિવ પંકજકુમારે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. તેમણે શાળાના પ્રાંગણમાં લીમડાનું વૃક્ષ વાવ્યું હતું. આ પ્રસંગે કોર્પોરેટર તેજલબેન નાયી, મીનાબેન પટેલ અને પોપટસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યા જેતલબેન પંડ્યાએ આભારદર્શન કર્યું હતું.

# દહેગામ તાલુકાની ડુમેચા, નારણાવટ, જિંડવા અને ઝાલાવાડ પ્રાથમિક શાળામાં ૧૦૬ બાળકોનો પ્રવેશ કરાયો

ગાંધીનગર, તા. ૨૩

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદીપભાઈ પરમારે દહેગામ તાલુકાની ડુમેચા, નારણાવટ, જિંડવા અને ઝાલાવાડ પ્રાથમિક શાળામાં ૧૭માં શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે કુલ ૧૦૬ બાળકોને પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે મહાન વિચારક બર્કેનું કથન ટાંકતાં મંત્રીએ કહ્યું કે શિક્ષણ રાષ્ટ્રનું સૌથી મોટું સંરક્ષણ છે. શિક્ષણની ગુણવત્તા વધુ સુદ્રઢ બનાવી શિક્ષણનું સ્તર ઉચ્ચસ્તરે લઈ જઈ રાજયના તમામ વિદ્યાર્થીઓને શિક્ષિત કરી તેમને રાષ્ટ્ર વિકાસના કાર્યમાં જોડવા રાજ્ય સરકાર કટ્ટીબદ્ધ છે. શિક્ષણના આ પવિત્ર કાર્ય સાથે જોડાયેલા રાજ્યના તમામ શિક્ષકોને વંદન કરી આ કાર્યમાં તેમને શ્રેષ્ઠ પ્રદાન આપવા મંત્રીએ અનુરોધ કર્યો હતો.

મંત્રી પરમારે વધુમાં ઉમેર્યું કે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીના માર્ગદર્શનને પરિણામે આજે રાજ્યમાં ધોરણ ૧થી ૮માં કન્યાનો ડ્રોપ આઉટ રેશિયો ૨૨.૮૦



ટકાથી ઘટીને ૩.૪૬ ટકા સુધી લઈ જવામાં સફળતા પ્રાપ્ત થઈ છે. મંત્રી પરમારે ઉમેર્યું કે રાષ્ટ્રના સર્વાંગી વિકાસના પાયામાં શિક્ષણ રહેલું છે. શાળા પ્રવેશોત્સવ વિદ્યાર્થી અને તેના કુટુંબ માટે એક અનેરા આનંદનો પ્રસંગ બની જાય છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બાળકના શાળામાં પ્રવેશ મેળવવાના રૂડા અવસરમાં ભાગીદાર બની બાળકોના તેમજ વાલીઓના ઉત્સાહમાં વધારો કરવાના આશયથી જ શાળા પ્રવેશોત્સવની ઉજવણીની શરૂઆત કરાવી હતી.



વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપીને સામર્થ્યવાન બનાવવા ગુજરાત સરકાર દ્વારા આયોજિત 'શાળા પ્રવેશોત્સવ-૨૦૨૨' અંતર્ગત ગાંધીનગર શહેરી વિસ્તારમાં પ્રાથમિક શાળા સેક્ટર-૧૯ મુકામે ગાંધીનગર મહાનગર પાલિકા મેયર હિતેશભાઈ મકવાણા, કાઉન્સિલર ગૌરાંગભાઈ વ્યાસ, નગરસેવિકા હેમાબેન ભટ્ટ એ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા શિક્ષણ ઉપયોગી સ્ટેશનરી આપીને પ્રવેશોત્સવની ઉજવણી કરી હતી. અને બાળકોને અભ્યાસમાં સારી કારકિર્દીના આશીર્વાદ આપ્યા હતા.

# ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીની પુણ્યતિથિ નિમિત્તે બુથ સ્તરે મહાનગર ભાજપાના કાર્યકર્તાઓ દ્વારા શ્રદ્ધાંજલિ

## મહાનગર ભાજપા સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા સભ્યો, અગ્રણીઓ, કાર્યકર્તાઓએ ભાજપાના કાર્યાલય ખાતે તેમજ બુથમાં ડો. શ્યામાપ્રસાદ મુખરજીને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી

ગાંધીનગર, તા. ૨૩

'એક દેશ મેં, દો વિધાન, દો નિશાન ઔર દો પ્રધાન નહીં ચલેગે'ના બુલંદ નારા સાથે દેશની એકતા, અખંડિતતા માટે પોતાનું જીવન ન્યોછાવર કરનાર ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીની પુણ્યતિથિ 'બલિદાન દિન' નિમિત્તે સ્વામી વિવેકાનંદ સ્કૂલ, સે. ૨૪, ગાંધીનગર



ખાતે રાત્રે ૮.૩૦ કલાકે તેમના જીવન વૃતાંત અંગેના માહિતીસભર વ્યાખ્યાનનું આયોજન ભાજપા દ્વારા કરાયું હતું. જેમાં પ્રદેશ ભાજપા મંત્રી પંકજભાઈ ચૌધરી વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા તેમજ આ કાર્યક્રમમાં મહાનગર ભાજપા સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલ પાંખ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.





શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ગાંધીનગર દક્ષિણ વિધાનસભા સાલુજીના મુવાડા, ડભોડા ગામ ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોરે નાના બાળકોને શાળામાં પ્રવેશોત્સવ કરાવ્યો હતો.

# વરસાદ પછી માટીની સુગંધ કેમ આવે છે ?

## ઉનાળામાં ધોમધખતા તાપમાં તપેલી માંટીમાંથી જ્યારે વરસાદ પડે ત્યારે ખૂબજ આહલાદક સુગંધ આવે છે જેને આપણે માટીની સુગંધ કહીએ છીએ, ખાસ કરીને પહેલા બે-ત્રણ વરસાદ વખતે આ પ્રકારની સુગંધ આવતી હોય છે આવું કેમ થાય છે ? જેનું વૈજ્ઞાનિક કારણ

ગાંધીનગર, તા. ૨૩

શહેરમાં ચોમાસાનું આગમન થઈ રહ્યું છે ત્યારે પહેલા વરસાદમાં માટીની સુગંધ જે મોટાભાગના લોકોને પસંદ પડે જ છે અને પહેલા વરસાદમાં જ માટીની સુગંધનો લ્હાવો મળે છે. એટલે પહેલો વરસાદ મોટાભાગના લોકોને સારો લાગે છે. ખાસ કરીને બાળકો તેની આતુરતાથી રાહ જોતા હોય છે. જ્યારે વરસાદની બુંદો સૂકી ધરતી પર પડે છે ત્યારે એક અલગ જ પ્રકારની ભીની-ભીની સુગંધ આવતી હોય છે. તેની પાછળ શું કારણ હોઈ શકે ? તેના વિશે જાણીએ. સામાન્ય રીતે ત્રણ કારણો

સામાન્ય રીતે લોકો સૂકી તપેલી માટીની સુગંધ કહે છે. વાસ્તવમાં એવું નથી માટીમાંથી સુગંધ આવવા પાછળ મુખ્ય ત્રણ કારણો છે. પહેલુ કારણ ઓઝોનનું હોવું. વૈજ્ઞાનિકોના મતે વરસાદ પછી વાયુ મંડળમાં ફેલાયેલા ઓઝોન ગેસનું કેટલુંક પ્રમાણ પાણીમાં ભળી જાય છે. જેને કારણે સુગંધ કે મહેક આવે છે. બીજુ કારણ બેક્ટેરિયા છે. વૈજ્ઞાનિકોના મતે માટીમાં એક અલગ જ પ્રકારના બેક્ટેરિયા મળી આવે છે. તેના કારણે જ વરસાદ પછી સુગંધ આવતી હોય છે.



ત્રીજુ કારણ છે વૃક્ષ કે છોડમાંથી સતત તેલ સ્ત્રવતું રહેવું. જ્યારે વરસાદ પડે છે ત્યારે તેની બુંદોની સાથે આ તેલ ઝડપથી આખા વાતાવરણમાં ફેલાઈ જાય છે. વૈજ્ઞાનિકોના મતે વરસાદ, વૃક્ષોમાંથી સ્તવતું તેલ અને માટી કંઈક એ રીતે પ્રક્રિયા કરે છે કે જેનાથી એક ગજબની સુગંધ આવે છે જેને આપણે માટીની સુગંધ તરીકે ઓળખીએ છીએ.

માટીમાં રહેલા બેક્ટેરીયા અનેક કેમિકલ્સ બનાવે છે વરસાદની બુંદોમાં કોઈ પ્રકારની સુગંધ હોતી નથી, પરંતુ જ્યારે તે ધરતીનો સ્પર્શ કરે છે અને ધૂળકણોને મળે ત્યારે એક વિશેષ પ્રકારની ભીની-ભીની સુગંધ વાતાવરણમાં પ્રસરી જાય છે. આ સુગંધને 'પેટ્રિકોર' કહેવામાં આવે છે. જેનો અર્થ સ્ટોન થાય છે.

જ્યારે વરસાદ આવે છે ત્યારે માટીમાં રહેલા નો કાર્ડિયા બેક્ટેરિયા ધરતી ભીની થાય ત્યારે ગેસોમાઈન નામનું રસાયણ સ્ત્રવિત કરે છે જેને કારણે માટીમાંથી એક વિશેષ પ્રકારની સુગંધ આવે છે. વળી વરસાદ લાંબો સમય ખેંચાય ત્યારે અમુક વૃક્ષ-છોડ સુકાઈ જાય છે અને તેની અંદર રહેલું ઓઈલ નીકળે છે. જ્યારે વરસાદ વરસે છે ત્યારે તેલ હવામાં ભળી જાય છે. ત્યારબાદ એક બીજી પ્રક્રિયા થાય છે જેનાથી માટીમાં રહેલા બેક્ટેરિયા અનેક પ્રકારના કેમિકલ્સ બનાવે છે. જેને actinomycets નામથી ઓળખવામાં આવે છે. તે વરસાદ પછી સુગંધ પેદા થવામાં મહત્વનો ભાગ ભજવે છે જ્યારે વરસાદની બૂંદો ધરતીની છિદ્રયુક્ત સપાટી પર પડે છે ત્યારે હવાના નાના-નાના પરપોટામાં ફેરવાય છે. આ પરપોટા ફૂટે તે પહેલાં ઉપરની તરફ જાય છે અને હવામાં ખૂબ જ નાના-નાના કણોને બહાર કાઢે છે જેને 'એરોઓલ' કહે છે તે પણ આ આહલાદક સુગંધ પ્રસરાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.